## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બેટા... મને એફબીમાં લાઈક આપવાનું શીખવને... દીકરો વહુ વિદેશ ગયા છે... તેના ફોટાને લાઈક નહીં કરું તો તે એવું સમજશે કે અમે રાજી નથી...!!

# ભરઉનાળે બોરીજમાં ચોમાસા જેવી સ્થિતિ

## ગટરોના ગંદા પાણી માર્ગો પર ફરી વળતા ગ્રામજનો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૨૪

બોરીજ ગામની સરકારી શાળા પાસે ગટરોના ગંદા પાણી બહાર આવતા ગામમાં ભર ઉનાળે ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે. ગામના માર્ગો પર ઠેરઠેર ગંદા પાણીના ખાબોચીયા ભરાયા છે. મચ્છરોનો ઉપદ્રવ વધતા ગ્રામજનો રાત્રે શાંતિથી ઉંધી પણ શકતા નથી. શહેરમાં પાણીજન્ય અને વાહકજન્ય બિમારીઓ દિનપ્રતિદિન વધી રહી છે. ત્યારે બોરીજ ગામમાં ગંદકીને પગલે ગ્રામજનોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામોની હાલત આજે પણ દયનીય છે. પાટનગર નિર્માણ થયે પાંચ દાયકાનો સમય વિતી ગયો હોવા છતા નજીકના ગામોની હાલતમાં કોઈ પણ જાતનો સુધારો જોવા મળ્યો નથી. હજુ સુધી પાટનગરમાં સમાવેશ થયેલા ગામો પાયાની સુવિધાથી વંચિત છે. બોરીજ ગામમાં ગટર, પાણી, રસ્તા, લાઈટો સહિતની માળખાકીય વ્યવસ્થાનો અભાવ જોવા મળી રહ્યો છે. બોરીજ ગામમાં પાણી અને ગટરનો પ્રશ્ન વર્ષોથી યથાવત રહેવા પામ્યો છે. ત્યારે બોરીજ ગામની પ્રાથમિક શાળાની બહાર ગટરો ઉભરાતા ગંદુ પાણી માર્ગો પર ફરી વળતા ગામમાં ભર ઉનાળે ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે. ગટરોના દુષિત પાણી વચ્ચે ગ્રામજનો રહેવા





મજબુર બન્યા છે. ગામમાં ઠેરઠેર ભરાયેલા દુષિત પાણીના ખાબોચીયાને પગલે મચ્છરોનો ઉપદ્રવ વધતા ગ્રામજનોને રાત્રી ઉજાગરા કરવા પડે છે. જયારે મચ્છરોને પગલે ગામના નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે. ત્યારે ગટરોના ઉભરાતા ગંદા પાણી અંગે નાગરીકોએ તંત્ર સમક્ષ રજુઆત કરી છે. છતાપણ ગટરો ઉભરાઈ રહી છે જેથી નાગરીકો ગટરો ઉભરાતી સત્વરે બંધ થાય તેની રાહ જોઈને બેઠા છે. જો ગટરનો ઉકેલ યોગ્ય સમયે નહીં આવે તો ગ્રામજનોએ આ અંગે ઉચ્ચકક્ષાએ રજુઆત કરવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

# ગુજરાત વ્યાયામ હિતરક્ષક સમિતિ દ્વારા મુખ્યમંત્રીને આવેદનપત્ર

## છેલ્લા ૧૦ વર્ષથી વ્યાયામ, કલા અને સંગીત શિક્ષકોની ભરતી કરાઈ નથી

ગાંધીનગર, તા.૨૪

રાજયની શાળાઓમાં એક દાયકાથી વ્યાયામ, કલા અને સંગીત શિક્ષકોની ભરતી કરાઈ નથી. ટાટ પાસ ઉમેદવારો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે. રાજય સરકાર ડીગ્રી અને ટાટ પાસ માર્કશીટનું દહન કરશે અને આગામી વિધાનસભાની ચુંટણી બહિષ્કાર કરવાની ચિમકી પણ ઉમેદવારોએ ઉચ્ચારી છે.

ગુજરાત રાજયની સરકારી શાળાઓમાં છેલ્લા ૧૦ વર્ષથી મહાકુંભના નામે કરોડો રૂપીયાનો ખર્ચ કરે છે. સરકાર દ્વારા વ્યાયામ શિક્ષકોની ભરતી ટુંક સમયમાં નહીં કરવામાં આવે તો ઉમેદવારો માર્કશીટનું દહન કરશે અને આગામી વિધાનસભાની ચુંટણીનો બહિષ્કાર



સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા કોઈ યોગ્ય ઉકેલ ન આવતા ઉમેદવારોમાં રોષ ફેલાયો છે. જેને પગલે આજે સચિવાલયના ગેટ નં-૧ પાસે સમગ્ર ગુજરાતભરમાંથી ૨૦૦ થી વધુ લાયકાત ધરાવતા ઉમેદવારો એકઠા થયા હતા. આ બેરોજગાર ઉમેદવારોએ રાજયના મુખ્યમંત્રી, ડે.મુખ્યમંત્રી, અને શિક્ષણમંત્રીને આવેદનપત્ર આપી વ્યાયામ, સંગીત-કલાના શિક્ષકોની ભરતી કરવા રજુઆત કરી છે. જો સરકાર દ્વારા યોગ્ય નિર્ણય ટુંક સમયમાં નહીં લેવામાં આવે તો ઉમેદવારો પોતાની વ્યાયામ, કલા અને સંગીત શિક્ષકોની ભરતી કરાઈ નથી. ગતિશીલ ગુજરાતની કારમી મોંઘવારીમાં લાયકાત ઉમેદવારોને નોકરી મેળવવા આમથી તેમ ભટકવું પડે છે. તંત્ર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત ઉમેદવારો કરી ચુક્યા છે છતા તંત્ર દ્વારા કોઈ નીવેડો આવ્યો નથી. જેને પગલે ટાટ પાસ ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. સમગ્ર રાજયની પ્રાથમિક શાળાઓમાં હજ્જારો વ્યાયામ શિક્ષકોની ખાલી જગ્યા ભરાતી નથી ત્યારે બીજીતરફ તંત્ર ખેલ કરવાની ચિમકી ઉચ્ચારી છે. જયારે અન્ય રાજયમાં વ્યાયામ, સંગીત-કલાના શિક્ષકોની ભરતી કરવામાં આવે છે.તો ગુજરાત માં જ વિલંબ શા માટે તે ઉમેદવારોને સમજાતુ નથી.ત્યારે શાળામાં વ્યાયામ શિક્ષકોના અભાવે બાળકો ઉપરોક્ત વિષયોના શિક્ષણથી વંચિત રહે છે. જેને પગલે આજે નવા સચિવાયલના ગેટ નં-૧ પાસો ઉમેદવારો મોટીસંખ્યામાં એકઠા થયા હતા અને રાજયના મુખ્યમંત્રી અને ડે. મુખ્યમંત્રીને મળીને રજુઆત કરીને આવેદન પત્ર આપ્યું હતું.

# બાયોમેટ્રીક સિસ્ટમમાં થમ્બ ઈમ્પ્રેશન મેચ ન થતાં ગરીબોને અનાજ મળતુ નથી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં બાયોમેટ્રીક સિસ્ટમમાં ફીંગર પ્રિન્ટ વારંવાર મેચ ન થવાને કારણે રેશનકાર્ડ ધારકોને વારંવાર દુકાનના ધક્કા ખાવા પડે છે અને સમયસર અનાજ નહિ મળતુ હોવાની ફરિયાદ જિલ્લા પંચાયતના સદસ્ય દીનુભાઈ ઠાકોરે જિલ્લા કલેક્ટરને પત્ર લખી કરી છે.

ઠાકોરે તેમના આ પત્રમાં જણાવ્યુ છે કે રેશનીંગ કાર્ડ ધારકોને અનાજ લેવા માટે બાયોમોટ્રીક મશીનમાં ફિંગર પ્રિન્ટ કરવાથી કાર્ડધારકને તેમને મળવા પાત્ર અનાજના જથ્થાની સ્લીપ આપતી હોય છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં આ સિસ્ટમમાં ફિંગર પ્રિન્ટ મેચ નહિ થતી હોવાની વ્યાપક ફરિયાદો છે.

પરિણામે અનાજ માટે સ્લીપ નીકળતી નથી અને વારંવાર કાર્ડધારકને દુકાનના ધક્કા ખાવા પડતા હોય છે. અનાજ મળવાપાત્ર ગરીબોને અનાજ સમયસર મળતુ નથી તો આ બાબતે આપ જરૂરી દરમ્યાનગીરી કરી ગરીબોના હિતમાં યોગ્ય કાર્યવાહી કરશો તેવી લાગણી વ્યક્ત કરી છે.

ઠાકોરે તેમના આ પત્રની નકલ જિલ્લા કલેક્ટર ઉપરાંત સચિવ નાગરિક પુરવઠા વિભાગ તેમજ રાજ્યમંત્રી જયેશ રાદડિયાને પણ મોકલી છે.

# હત્યા કરીને કેનાલમાં ફેંકી દેવાયેલી યુવતીની હજુ ઓળખ થઈ નથી

ગાંધીનગર, તા. ૨૪

અડાલજ નજીક જમીયતપુરા નર્મદા કેનાલમાંથી ચારેક દિવસ અગાઉ એક યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. તિક્ષ્ણ હથિયારના ૧૪ જેટલા ઘા ઝીંકીને તેણીની હત્યા કરી કેનાલમાં ફેંકી દેવામાં આવી હોવાનું ખુલ્યુ હતુ. અડાલજ પી.આઈ.એ આ ઘટનાની તપાસ સંભાળી છે. જો કે હજુ સુધી મૃતક યુવતીની ઓળખ પણ થઈ શકી નથી કે હત્યારા સુધી પહોંચવાનું કોઈ પગેરૂ મળ્યુ નથી. આ મૃતક યુવતીનો મૃતદેહનો નિકાલ પણ પોલીસે કરી દીધો હોવાનું તપાસનીસ અધિકારીએ જણાવ્યું છે.

જમીયતપુરા નર્મદા કેનાલમાં આશરે ૨૫ વર્ષની અજાણી યુવતીની કરપીણ હત્યા કરીને તેણીની લાશને ફેંકી દેવાયેલી હાલતમાં કેનાલમાંથી મળી હતી. અડાલજ પોલીસે મૃતદેહ પીએમ કરાવી હત્યાનો ગુનો દાખલ કરી ત્રણ ટીમો તપાસ માટે દોડાવી છે. જો કે હત્યાને ચારેક દિવસ થઈ ગયા બાદ પણ હત્યારા આઝાદ ફરી રહ્યા છે. પોલીસને હત્યારા સુધી પહોંચવા માટેનું પગેરૂ મળતુ નથી. તે ઉપરાંત હજુ સુધી મૃતક યુવતીની ઓળખ પણ થઈ શકી નથી. મૃતક યુવતીની ઓળખ એ હત્યારા સુધી પહોંચવા માટેનું પ્રથમ પગથીયુ બની રહે તેમ છે. જો કે અડાલજ પોલીસને હજુ ઓળખ કરવામાં સફળતા મળી નથી. હત્યા અંગે અડાલજ પીઆઈ કે.કે. પંડ્યાએ તપાસ સંભાળી છે. જો કે અડાલજ પોલીસે મૃતકની ઓળખ માટે તથા હત્યારા સુધી પહોંચવા માટે ગતિવિધિ તેજ કરી છે. તો બીજી તરફ મૃતદેહનો નિકાલ કરવામાં આવ્યો હોવાનું પી.આઈ.એ જણાવ્યું છે.

**મૃતક યુવતીની ઓળખ એ હત્યારા સુધી પહોંચવાનું પહેલુ પગથિયુ : મૃતદેહનો અડાલજ પોલીસે નિકાલ કર્યો : પીઆઈએ તપાસ સંભાળી**



ગાંધીનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનો પ્રારંભ થઈ ચુક્યો છે. જેમાં ગત તા.૧૮ મે ના રોજ વલાદ ગામ ખાતે સવારે ૭ કલાકથી સાંજ સુધી નિશુલ્ક પશુ આરોગ્ય કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં વલાદ ગામની નજીકના પાંચ ગામના ગ્રામજનો પોતાના ગાય, ભેંસ, ઘેટા, બકરા, ઉંટ સહિતના પશુઓ લઈને સારવાર માટે આવ્યા હતા. જેમાં વ્યંધયત્વ નિવારણ, શલ્ય ચિકિત્સા, કૃમિનાશક સહિતની અનેક પશુરોગ નિવારણની કામગીરી કરવામાં આવી હતી. આ પશુ આરોગ્ય કેમ્પમાં કુલ ૫૭૩ પશુઓએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં વેટરનીટી પોલી કલીનીકના ૭ પશુ ચિકિત્સા અધિકારી, મદદનીશ નિયામક પ્રાથમિક પશુ સારવાર કેંદ્રના અધિકારી અને ઘનિષ્ટ પશુ સારવાર કેન્દ્રના અધિકારી સહિત અન્ય સ્ટાફના કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# સમસ્ત લેઉવા પાટીદારોની આરાધ્યદેવી 'મા અન્નપૂર્ણા અને માતૃભૂમિ અડાલજ' પુસ્તક વિમોચન સમારંભ સંપન્ન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર-અમદાવાદથી નજીક આવેલા અડાલજ ગામે હાલ સમસ્ત લેઉવા પાટીદારોના આરાધ્ય દેવી માં અન્નપૂર્ણાનું ધામ અને વિશ્વનું પ્રથમ પંચતત્વ મંદિર નિર્માણાધીન છે. લેઉવા પાટીદારોને તેમના મૂળ-મૂળસ્થાન માતૃભૂમિ અડાલજ છે. આજથી ૨૨૦૦ વર્ષ પહેલા લેઉવા પાટીદારો 'લેહ' પંજાબ તરફથી ગુજરાતમાં આવ્યા ત્યારે મા અન્નપુર્ણાને સાથે લાવ્યા હતા. આ ઈતિહાસને ઉજાગર કરવા માટે અડાલજ ખાતે માં અન્નપુર્ણા ધામ લેઉવા પાટીદારો અનેક ધર્મ, સંપ્રદાય, કુળદેવી અને ગોળમાં વહેંચાયેલા હોવાથી તેમની આરાધ્યદેવી માં અન્નપુર્ણાને ભૂલી વેર-વિખેર થયા છે. અડાલજ ખાતે નિર્માણાધીન આ માં અન્નપુર્ણા અને પંચતત્વ મંદિર અંધશ્રધ્ધાથી પર



કુળ અને આરાધ્ય દેવી તેમજ માતૃભૂમિ અડાલજ વિષયક ઈતિહાસની જાણકારી માટે ભીમજી નાકરાણી સંપાદિત અને જન સહાયક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પુસ્તકનો વિમોચન વિધિ તા. ૨૩મી મેના રોજ સાંજના ૭ કલાકે અડાલજ ખાતે સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી.

સમગ્ર ગુજરાત અને વિશ્વમાં વસતા કોઈ પણ લેઉવા પાટીદારોનું નિર્માણાધિન છે. શ્રી અન્નપુર્ણા ધામના મેનેજીંગ ટ્રસ્ટી નરહરિ અમીને પુસ્તક વિમોચન પ્રસંગે આ ધામની નોંધ લઈ, સમસ્ત લેઉવા પાટીદારોને એક બની સંગઠન સાધી સમાજ સેવાના માર્ગે આગળ વધવા અપીલ કરી હતી. તેમણે સમસ્ત લેઉવા પટેલોને આ કાર્યમાં તન મન ધનથી જોડાવા હાકલ કરી હતી.

આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ કુંવરજીભાઈ પટેલે જણાવ્યું હતું કે હશે. અહીં દાન પેટી મુકવામાં આવશે નહી અને શ્રીફળ વધેરવા જેવી કોઈ પણ વિધી પણ નહિ હોય. વિશ્વમા પ્રથમ પંચતત્વ મંદિરમાં જળ, વાયુ, અગ્નિ, ધરતી, આકાશ તત્વના પ્રતીકોની સ્થાપના કરી તેની પુજા કરવામાં આવશે.

સમારંભની સફળતા માટે અજીત પટેલ, ઉરેન પટેલ, ઘનશ્યામ પટેલ, સુરેશ પટેલ અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ડભોડાના માધવગઢ ખાતે ટીબી જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના માધવગઢ ખાતેના ઈન્દિરાનગર વિસ્તારમાં આજે જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબી જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગ્રામજનોને ટીબી રોગના ફેલાવવાના કારણો, તેની તપાસ અને સારવાર વગેરે અંગે વિગતવાર માહિતી પુરી પાડવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લાના ડભોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કાર્ય વિસ્તારમાં સમાવિષ્ટ માધવગઢ ગામના ઈન્દિરાનગર ખાતે ટીબી જાગૃતિ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના ડીપીપીએમસી કેયુર જયસ્વાલ, ડીપીએસ મોનિકા જોષી, એસટીએસ આનંદભાઈ તથા ડભોડા આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં ગ્રામજનોને સરળ ભાષામાં ટીબી રોગ અંગેના ફેલાવા, તેની તપાસ તથા સારવાર સહિતની તલસ્પર્શી માહિતી પુરી પાડી આ રોગથી બચવા શું કરવું તે અંગે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

# ગાંધીનગર તાલુકામાં બિનચેપી રોગ અંગે સર્વેલન્સની કામગીરીનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૪

દેશભરમાં એનએસડી સેલ દ્વારા પોપ્યુલેશન બેઝડ સ્કીનીંગ પોગ્રામ હેઠળ તાલિમ આપવા માટે ૧૦૦ જિલ્લાની પસંદગી કરાઈ હતી. જેને પગલે ગાંધીનગર જિલ્લાના ઉનાવા પીએચસી સેન્ટર પસંદગી પામ્યું છે. વિશ્વ કેન્સર દિવસ નિમિતે આ કેન્દ્રની આશા બહેનોને બિનચેપી રોગ અંગે સર્વેલન્સની કામગીરી અંગે તાલિમ અપાઈ હતી.

ડોર ટુ ડોર પોપ્યુલેશન બેઝડ સ્કીનીંગ પ્રોગામમાં હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, તેમજ કેન્સર જેવા બિનચેપી રોગોની ચકાસણી માટે ૧૩ લાખ જેટલા નાગરીકોને આવરી લેવામાં આવ્યા છે.જેમાં ગાંધીનગર તાલુકામાં રહેતા નાગરીકોની ચકાસણી સૌ પ્રથમ કરવામાં આવશે. આ સર્વેક્ષણમાં નાગરીકોને વ્યસન તથા શારીરીક કસરતો અંગેના સવાલો સહિત વંશ પરંપરાગત બિમારીઓના ઈતિહાસને પણ આવરી લેવામાં આવ્યો છે. આ માહિતી જિલ્લાના પીએચસી તથા સીએચસી સેન્ટરોને દર્દીઓની યોગ્ય સારવાર કરવામાં આધારભુત નીવડશે તેવી આશા સેવાઈ રહી છે.

બિનચેપી રોગ થવાના મુખ્ય કારણોમાં વ્યકિતની જીવનશૈલી, બિનઆરોગ્યપ્રદ ખોરાક, વ્યસનો ઉપરાંત આરોગ્ય પ્રત્યેની જાગૃતિનો અભાવ તથા દુષિત હવા પાણી કે તેવા સ્થળે કામ કરવાની ખોટી પ્રણાલી જવાબદાર છે. આ તાલિમમાં નાગરીકોને તેમની જીવનશૈલીમાં બદલાવ લાવવાથી આ પ્રકારના રોગોથી બચી શકાય તે અંગે પ્રોત્સાહીત કરી જાગૃત કરવામાં આવે છે.

બિનચેપી રોગ મોટાભાગે વ્યસ્કોમાં જ જોવા મળે છે. જે દર્દીની કાર્યક્ષમતામાં ઘટાડો કરે છે. વળી કેટલાક બિનચેપીરોગોની તીવ્રતા ધીમી હોવાથી તેના લક્ષણોની પણ ખુબ મોડેથી જાણ થાય છે. આ કારણે રોગની સારવારમાં પણ વિલંબ થતા રોગ ગંભીર સ્વરુપ ધારણ કરે છે. જેના પગલે દર્દીનું મૃત્યુ પણ થઈ શકે છે.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન વિશ્વ માટે આગવી મિશાલ

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે ગુજરાતનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ-(આપત્તિ વ્યવસ્થાપન) વિશ્વના વિકસીત દેશો માટે એક આગવી મિશાલ બની ગયુ છે. આ સંદર્ભમાં તેમણે ગૌરવપૂર્વક કહ્યુ કે, આપત્તિ વ્યવસ્થાપનમાં ગુજરાતે જે નીતિઓ પધ્ધતિઓ અને કાર્યપ્રણાલિ વિકસાવ્યા છે તેનું અનુસરણ વિશ્વમાં આવી વિપદા વેળાએ પૂનર્વસન-પૂનનિર્માણ માટે પ્રભાવક બનશે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ **GIDM**ના ઉપક્રમે સાર્ક ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરનું ઉદ્દઘાટન કર્યુ હતું. આ અવસરે સાર્ક દેશોના પ્રતિનિધિઓ માટે આયોજિત ત્રિદિવસીય કાર્યશાળા-તાલીમ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. આ તાલીમ કાર્યક્રમની થીમ




'એપ્લીકેશન ઓફ સ્પેસ ટેકનોલોજી ઈન મોનીટરિંગ એન્ડ મેનેજિંગ રિસ્કસ' રાખવામાં આવી છે.

અફઘાનિસ્તાન, ભુતાન, બાંગ્લાદેશ, નેપાળ, માલદીવ સહિતના સાર્ક રાષ્ટ્રોના ૨૦ જેટલા પ્રતિનિધિઓ તજજ્ઞો આ તાલીમ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે.

૨૦૦૧ના કચ્છના ભુકંપે સમગ્ર કચ્છને તહસ-નહસ કરી નાખ્યુ હતું ત્યારે હવે કચ્છ કદી બેઠું જ નહિં થાય એવી જે ભિતી સેવાઈ રહી હતી તેને ગુજરાતે શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં એશિયાના સૌથી મોટા પૂનઃનિર્માણ કાર્યનો વૈજ્ઞાનિક ઢબે આરંભ કરીને ખોટી પાડી છે. ગુજરાતે જનશકિતના સહયોગ અને પ્રશાસનિક પ્રતિબધ્ધતાથી આપત્તિને અવસરમાં પલટાવવાનું સામર્થ્ય દેશ-દુનિયાને આ વિરાટ પૂનર્વસનથી દર્શાવી આપ્યુ છે. આ વિપદામાંથી ભવિષ્યમાં આવી કપરી સ્થિતી સર્જાય તો તેને પાર પાડવા ગુજરાતે કમર કસી અને સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની રચના કરી છે. એટલું જ નહિ, રાજ્યમાં પાંચ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર્સ, તથા જિલ્લા-તાલુકા-બ્લોક સ્તરે આપદા પ્રબંધન પ્લાન બનાવ્યા છે.



નગરના સેવાભાવી નરેન્દ્રભાઈ રાવલ દ્વારા સેકટર-૩૦ મુકિતધામ ખાતે અસ્થિકુંભ કુલડીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. છેલ્લા ૧૦ વર્ષથી તેઓ આ સેવા આપે છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨૦ વર્ષથી મૂંગા જીવ માટે ચકલોડીયા વિતરણ કરી સેવા આપે છે. આજરોજ ૭૦૦ જેટલા અસ્થિ કુંભ મુકિતધામ ખાતે આપી પુનઃ અવિરત સેવાનું ઉદાહરણ પુરું પાડયું છે. વંદન છે નરેન્દ્રભાઈની સેવાને.